

# ટાવરનું ઘડિયાળ

– હુંદરાજ બલવાણી

શહેરની વચ્ચે એક ટાવર હતું. જેમાં એક મોટું ઘડિયાળ હતું. તે ઘડિયાળ બહુ જૂનું હતું છતાં એ નિયમિત ચાલતું. સમય પણ ચોક્કસ બતાવતું. શહેરના લોકો આ ઘડિયાળના આધારે પોતાની ઘડિયાળનો સમય મેળવતા. આવતાં–જતાં

લોકો તેમાં સમય જોઈને પોતાના કામ–ધંધે જતા. શહેરની દુકાનો એ ઘડિયાળ પ્રમાણે ખૂલતી અને બંધ થતી.

પોતાની આટલી શાન જોઈને ટાવરના ઘડિયાળને ધીરેધીરે અભિમાન થવા લાગ્યું. એને લાગ્યું કે આ શહેરના બધા માણસો મારા પ્રતાપે જ ચાલે છે. જો હું બંધ થઈ જાઉં તો આ લોકો પણ કામ કરતાં બંધ થઈ જશે.

ધીમેધીમે આ વિચાર એના મનમાં બરાબર બેસી ગયો. એક દિવસે એને થયું કે, મારા વગર દુનિયા ચાલી જ ન શકે એ દુનિયાને બતાવી દઉં.

અને એ જ ઘડીએ ઘડિયાળે ચાલવાનું બંધ કરી દીધું. ઘડિયાળના મોટામોટા કાંટા એક જ જગ્યાએ અટકી ગયા. દર અડધા કલાકે વાગનાર ડંકાના અવાજો બંધ થઈ ગયા.

લોકોનું ધ્યાન ગયું. ઘડિયાળને બંધ પડેલું જોઈને લોકો અંદર–અંદર વાતો કરવા લાગ્યા.

એક કહે, ''કમાલ છે ! આટલાં વર્ષોથી નિયમિત ચાલતું ઘડિયાળ એકદમ બંધ પડી ગયું !''

બીજો કહે, ''મેં તો ક્યારેય ઘડિયાળને બંધ પડતું નથી જોયું. આજે અચાનક એને શું થઈ ગયું ?''

ત્રીજો કહે, ''એનું મશીન જૂનું છેને ! આમ તો જૂના જમાનાની વસ્તુઓ મજબૂત અને ટકાઉ હોય છે.''

ચોથો કહે, ''ભાઈ, મશીનનો શો ભરોસો ! ક્યારેક તો બગડે જને !''

આવી રીતે ઘડિયાળ વિશે લોકોની વાતો થતી રહી. તેમ છતાં લોકોના સામાન્ય જીવન પર ઘડિયાળ બંધ પડવાની કોઈ અસર ન થઈ. શહેરનું કામકાજ પહેલાંની જેમ જ ચાલું રહ્યું. લોકો રોજની જેમ કામ–ધંધે જતા હતા. ટાવરની આજુબાજુ દુકાનો હંમેશાંની જેમ ઉઘડતી હતી અને બંધ થતી હતી.

આ જોઈને ઘડિયાળને આશ્ચર્ય થયું. એને તો એમ લાગતું હતું કે પોતે ચાલવાનું બંધ કરશે તો સમય પણ અટકી જશે. અને સમય અટકી જશે તો શહેરનું કામકાજ પણ અટકી જશે. પણ આમ તો થયું જ નહિ !

હવે ઘડિયાળને સમજાઈ ગયું કે તેણે મૂર્ખાઈભર્યું પગલું ભરીને શહેરના લોકોને નકામાં હેરાન કર્યા હતા.

પછી લોકોએ ઘડિયાળનું સમારકામ કરનાર કારીગરને બોલાવ્યો. તે એક ઊંચી નિસરણી લઈને ઘડિયાળને સરખું કરવા ઉપર ચડયો પણ એ કંઈ કરે તે પહેલાં ઘડિયાળે એની મેળે જ ચાલવાનું શરૂ કરી દીધું.

આ જોઈને કારીગર ચકિત થઈ ગયો. પણ પછી ઘડિયાળના બે મોટા કાંટાને પકડી એણે બરાબર સમય પર ગોઠવી દીધા અને નીચે ઊતરી આવ્યો.

એ પછી ટાવરનું ઘડિયાળ હંમેશાં ચાલતું રહ્યું.